ભારતની સાઈના નેહવાલને કાંસ્ય ચંદ્રક



લંડન, તા.૪

ભારતીય સ્ટાર બેડમિન્ટડ ખેલાડી સાઈના નહેવાલે આજે ઈતિહાસ રચીને મહિલા સિંગલ્સ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીતવામાં સફળતા મેળવી હતી. સાઈના નહેવાલના આજના ચંદ્રકની સાથે જ ભારતે લંડન ઓલિમ્પિકમાં હજુ સુધી કુલ ત્રણ ચંદ્રકો જીતી લીધા છે. બેડમિન્ટન સ્પર્ધામાં ભારતે પ્રથમ વખત ચંદ્રક જીત્યો છે. ચીનની શક્તિશાળી ખેલાડી શિન વાંગ ઘુટણમાં ઈજાના કારણે રમત આગળ વધારી શકી ન હતી. જેથી વાંગને અધવચ્ચે જ મેદાન છોડવાની ફરજ પડી હતી. જેથી સાઈનાને સીધો ફાયદો થઈ ગયો હતો. શિન વાંગે જ્યારે મુકાબલો છોડી દીધો ત્યારે તે પ્રથમ ગેમ ૨૧-૧૮થી જીતી ચુકી હતી. બીજી ગેમમાં પણ ૧-૦થી આગળ હતી. શિન વાંગને ઈજાનો અનુભવ પહેલી ગેમમાં જ થઈ ગયો હતો. પ્રથણ ગેમનાં અંતિમ ક્ષણમાં બ્રેક પણ લીધો હતો. કાંસ્ય ચંદ્રક પાકો થઈ ગયો છે તે વાત નક્કી થઈ ગયા બાદ પણ સાઈના નહેવાલના ચહેરા પર એવી ખુશી દેખાઈ ન હતી. સાઈના નહેવાલ કોર્ટ છોડતા પહેલા શિન વાંગને મળી હતી. ચીનની ખેલાડી માટે મેદાન પર વિલ ચેરની વ્યવસ્થા કરવામાં આવી હતી. સાઈનાના કોચ ગોપીચંદે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે જે રીતે સાઈનાને ચંદ્રક મળ્યો છે તેનાથી અમે બહુ ખુશ નથી. પરંતુ સાઈના ચોક્કસ પણે સારી રમત રમી રહી હતી. ઓલિમ્પિકમાં ચંદ્રક મેળવવાની બાબત ખુબ જ ગર્વ છે. આ અગાઉ સેમી ફાઈનલમાં બેડમિન્ટનમાં ટોચની ખેલાડી વાંગે સાઈનાને સીધા સેટોમાં ૨૧-૧૩ અને ૨૧-૧૩થી હાર આપી હતી.

અધવચ્ચે જ શિન વાંગ ઘુટણની ઈજાના લીધે ખસી ગઈ લંડન ઓલિમ્પિકમાં ભારતના ચંદ્રકોની સંખ્યા ત્રણ થઈ

ઉત્તરાખંડમાં આભ ફાટ્યું : ૩૧ નાં મોત

ચારધામની યાત્રા પણ મોકૂફ : હાઈ એલર્ટની જાહેરાત : નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

દહેરાદુન, તા.૪

ઉત્તરાખંડમાં વાદળ ફાટવા અને નવેસરથી પુરના કારણે આશરે ૩૧ લોકોના મોત થઈ ગયા છે અને સેકડો લોકો લાપતા થઈ ગયા છે. જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ઉત્તરાખંડના ઉત્તરકાશીના સ્વર્ણઘાટ અને સંગમચકીમાં વાદળ ફાટવાની ઘટના બની છે. મૃત્યુ પામેલાઓમાં ફાયર સર્વિસના ત્રણ જવાન પણ સામેલ છે. ઉત્તરકાશીમાં અસ્સીગંગા અને ભાગીરથી નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તર ઉપર પહોંચી ગઈ છે. ગંગોત્રી હાઈવે પર ગંગોરી પુલ તુટી જવાથી સ્થિતી વિકટ બની ગઈ છે. પાતાળ ગંગા નજીક ભેખડો ધસી પડતા હજારો લોકો ફસાઈ ગયા છે. ઉત્તરકાશીમાં વિજળી ઠપ થઈ ગઈ છે. ટેલીફોન લાઈનો પણ કામ કરી રહી નથી. ભારે વરસાદના લીધે નવેસરથી પુરની સ્થિતિ સર્જાઈ છે. ભારે વરસાદના લીધે ચારધામની યાત્રા સાવચેતીના પગલારૂપે રોકી દેવામાં આવી છે. હજારો શ્રદ્ધાળુઓ જુદી જુદી જગ્યાઓ ઉપર અટવાઈ ગયા છે. ગઢવાલ પ્રદેશમાં ભારે વરસાદના કારણે સરકારે હાઈ એલર્ટની જાહેરાત કરી દીધી છે. હવામાન વિભાગે અતિ ભારે વરસાદની અગાહી કરી છે જેથી તંત્રએ સાવચેતીના તમામ પગલા પહેલાથી જ લીધા છે. દરમિયાન અતિ ભારે વરસાદના કારણે ફાયર સર્વિસના ત્રણ જવાન સહિત છ લોકોના મોત થયા છે. માર્યા ગયેલાઓમાં બે બાળકોનો સમાવેશ થાય છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ મિટિગેશન સેન્ટર (ડીએમએમસી)માં સુત્રોએ કહ્યું છે કેઆજે સવારે ચમોલી જિલ્લામાં કરણ પ્રયાગ વિસ્તારમાં એક મકાન ધસી પડતા બેના મોત થયા છે. અન્ય એક બાળકનુ મોત આ જિલ્લામાં પોખરી વિસ્તારમાં નવેસરથી પુરના કારણે તણાઈ જવાના કારણે થયા છે. ભારે વરસાદના લીધે બદરીનાથ તરફ જતા રાજમાર્ગને બંધ રાખવાની ફરજ પડી છે. નવેસરથી ભેખડો ધસી પડવાના કારણે સેંકડો બદરીનાથના શ્રદ્ધાળુઓ પાતાલગંગા, લંબાગર અને બિરાહી ધાર્મિક સ્થળો ઉપર અટવાઈ ગયા છે. ઉત્તર કાશી જિલ્લામાં ભારે વરસાદના લીધે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. ફાયર બ્રિગેડના ત્રણ જવાનોના ગંગોરી વિસ્તારમાં મોત થયા છે. દરમિયાન આજે સતત બીજા દિવસે ગંગોત્રી અને યમનોત્રીની ચારધામની યાત્રા બંધ રાખવામાં આવી હતી. ઉત્તર કાશીના ગંગોરી વિસ્તારમાં ભાગીરથી નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. જેથી નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સુરક્ષીત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. ગંગોરી બ્રિજ ધારાસાઈ થતા પુરમાં ૩૦ મકાનો તણાઈ ગયા છે. દરમિયાન રાજયના ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્રધાન યશપાલ આર્યાએ કહ્યુ છે કે ગંગોરીમાં ફાયર બ્રિગેડના ત્રણ જવાનોના મોત થયા છે. દરમિયાન કેદારનાથની યાત્રા પણ સસ્પેન રાખવામાં આવી છે. મુખ્યમંત્રી વિજય બહુગુણા પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. ડિઝાસ્ટરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી સંબંધિત સત્તાવાળાઓદ્વારા હાથ ધરવામાંઆવી છે. બહુગુણાએ ધાર્મિક સ્થળો તરફ જતા માર્ગે પુન ખોલી દેવા અધિકારીઓને આદેશ કર્યો છે. જેથી અટવાયેલા શ્રદ્ધાળુઓ પરત જઈ શકે. ગઢવાલ પ્રદેશમાં પરિસ્થિતિની સમીક્ષાના સંદર્ભમાં દરરોજ અહેવાલ આપવા પણ સુચના આપવામાં આવી છે. ખાસ ચારધામ સેલની રચના કરવામાં આવી છે. ગયા વર્ષે સરકાર ભેખડો ધસી પડ્યા બાદ અને ભારે વરસાદ બાદ ગંગોત્રી અનેબદરીનાથની ચારધામ યાત્રા સસ્પેન કરી હતી.

જમ્મૂ-શ્રીનગર રાજમાર્ગ પર સેંકડો વાહન ફસાયા

જમ્મૂ કાશ્મીરમાં ભેખડો ધસી પડવાના કારણે હાઈવેને ટ્રાફિક માટે બંધ કરવાની ફરજ પડી છે. રામબાણ જિલ્લામાં ભારે વરસાદના લીધે ભેખડો ધસી પડતા ટ્રાફિકમાંથી જમ્મૂ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગને બંધ કરી દેવામાં આવ્યો છે. આના કારણે ૨૦૦થી વધુ વાહનો જુદી જુદી જગ્યાઓએ મોટી સંખ્યામાં યાત્રીઓ સાથે અટવાઈ પડ્યા છે. અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે મારૂગ, શ્રી અને રામબાણ વિસ્તારમાં ભારે વરસાદના લીધે ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે. બોર્ડર રોડ ઓર્ગેનાઈજેશનના લોકો અને તંત્રના અન્ય અધિકારીઓ માર્ગોને પુનઃ વ્યવસ્થિત કરવાના પ્રયાસોમાં લાગેલા છે. પરંતુ ભારે વરસાદના કારણે આ કામગીરીમાં અડચણો આવી રહી છે. ભેખડો ધસી પડવાના કારણે રાજમાર્ગ ઉપર જુદી જુદી જગ્યાઓએ ૨૦૦ વાહનો અટવાઈ પડ્યા છે. આજે સવારથી જ જમ્મૂ પ્રદેશમાં અતિ ભારે વરસાદ થઈ રહ્યો છે. ભારે વરસાદથી લોકોને રાહત મળી છે પરંતુ હજારોની સંખ્યામાં યાત્રીઓ અટવાઈ જવાના કારણે ટ્રાફિકની સ્થિતિને વ્યવસ્થિત કરવા તંત્ર સામે મોટી સમસ્યા ઉભી થઈ ગઈ છે. કથુઆ અને જમ્મુ જિલ્લામાં ૨૨ લોકોને બચાવી લેવાયા છે. કથુઆમાં ૨૨ પૈકી ૧૫ લોકોને બચાવી લેવાયા હતા. વરસાદના કારણે પાણીની સપાટી વધી ગઈ છે.



પુણે બ્લાસ્ટ કેસ બાદ આઈએમના શકમંદોના આવાસ પર દરોડા

પુણે,તા.૪

પુણેમાં સિરિયલ બ્લાસ્ટ થયા બાદ તમામ સુરક્ષા સંસ્થાઓ બ્લાસ્ટના મામલામાં ઉંડી તપાસ ચલાવી રહી છે. બ્લાસ્ટની જડ સુધી પહોંચવાના તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. એટીએસની ટુકડીએ આજે વધુ માહિતી મેળવવાના હેતુસર ઈન્ડિયન મુજાહિદ્દીનનાં શકમંદોના આવાસ ઉપર દરોડા પાડ્યા હતા. પુણે બ્લાસ્ટના સંબંધમાં દરોડાની કામગીરી ચાલી રહી છે. બીજાપુરમાં આ દરોડા પાડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસ દર્શાવે છે કે પુણે બ્લાસ્ટમાં જે મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે ઈન્ડિયન મુજાહિદ્દીનના આતંકવાદીઓ જેવી જ હતી. પુણે બ્લાસ્ટના સંબંધમાં હજુ સુધી કોઈની પણ ધરપકડ કરવામાં આવી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે પહેલી ઓગસ્ટના દિવસે પુણેમાં વ્યસ્ત રહેતા જેએમ રોડ વિસ્તારમાં એક સાથે ચાર બોમ્બ બ્લાસ્ટ થયા હતા. જેમાં કોઈનું મોત થયું ન હતું પરંતુ વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. કેન્દ્રિય ગૃહ સચિવ આરકે સિંહે અગાઉ કહ્યું હતું કે ઓછી તીવ્રતાના બ્લાસ્ટ કરવા પાછળ ચોક્કસ ઈરાદો હતો. સમગ્ર મામલામાં જુદી જુદી તપાસ સંસ્થાઓ હાલમાં તપાસ કરી રહી છે. પુણે બ્લાસ્ટના મામલામાં શકમંદોના સ્કેચ તૈયાર કરાઈ રહ્યા છે જો કે આ સ્કેચ જારી કરવામાં આવશે નહીં પરંતુ તપાસમાં સામેલ રહેલા અધિકારીઓ અને પોલીસ ટુકડીને આ સ્કેચ આપવામાં આવશે. પુણે બ્લાસ્ટના મામલામાં ઉંડી તપાસ કરવામાં આવી રહી હોવા છતાં નક્કર કડીઓ હાથ લાગી રહી નથી. પુણે બ્લાસ્ટ થયા બાદથી જ જુદી જુદી જગ્યાઓએ તપાસ ચાલી રહી છે.

અનિચ્છિત મેસેજ મોકલનાર ટેલિ માર્કેટર્સ પર હવે તવાઈ

નવી દિલ્હી,તા.૪

અનિચ્છિત ટેક્સ્ટ મેસેજો અને કોલને લઈને સામાન્ય લોકોને કેટલીક રાહતો આપવા ટ્રાયે કમર કસી લીધી છે. ટેલિકોમ રેગ્યુલેટરે કહ્યું છે કે અનરજિસ્ટર્ડ ટેલી માર્કેટર્સ ઉપર દંડ લાદવામાં આવશે. સાથે સાથે અનિચ્છિત કોલ ઉપર અંકુશ મૂકવાના હેતુસર પણ પગલાં લેવામાં આવી રહ્યા છે. ટેલિકોમ રેગ્યુલેટરે અનરજિસ્ટર્ડ ટેલી માર્કેટર્સ પર સંકંજો મજબૂત કરવા કમરકસી લીધી છે જેથી સામાન્ય લોકોને હવે રાહત મળી શકે છે. અનિચ્છિત કોલ અને મેસેજોથી સામાન્ય લોકો હંમેશા પરેશાન રહે છે. ચર્ચા પત્રમાં ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ સૂચન કર્યું છે કે અનિચ્છિત કોમર્શિયલ સંદેશાઓ મોકલનાર અનરજિસ્ટર્ડ ટેલિમાર્કેટર્સ પર પ્રતિ સંદેશા રૂપિયા ૫૦૦નો જંગી દંડ ફટકારવામાં આવશે. આવા ૧૦ દાખલા બનવાની સ્થિતિમાં ફોન કનેક્શન કાપી નાંખવામાં આવશે. એમ પણ જણાવવામાં આવ્યું છે કે અનરજિસ્ટર્ડ ટેલી માર્કેટર્સ તરફથી મળતા સંદેશાઓને એક ડેલીકેટેડ નંબર ૧૯૦૯ ઉપર મોબાઈલ યુઝરોને ફોરવર્ડ કરવાની જરૂર રહેશે. ત્યારબાદ આ સંદેશા મોકલનાર સામે કાર્યવાહી કરવામાં આવશે. વેબ અને ઈમેઈલ આધારિત ફરિયાદોની નોંધણી પણ હાથ ધરવામાં આવશે. હાલમાં બિનજરૂરી કોલ અને ટેક્સ્ટ સંદેશાઓના કારણે સામાન્ય લોકો પરેશાન થયેલા છે. વારંવાર આના માટે રજૂઆત કરવામાં આવે છે પરંતુ પ્રક્રિયા જટિલ હોવાના કારણે ઝડપથી પગલાં લઈ શકાતા નથી. મળેલી માહિતી મુજબ સંદેશાઓ જુદી જુદી જગ્યાઓથી મોકલવામાં આવે છે. તાજેતરના મહિનાઓમાં મોબાઈલ યુઝરોએ ભારે ફરિયાદો નોંધાવી છે.ટ્રાયનું કહેવું છે કે અનરજિસ્ટર્ડ ટેલી માર્કેટ્સ ઉપર સંકંજો મજબૂત કરવામાં આવશે. રેગ્યુલેટર એજન્સીમાં એક અધિકારીએ કહ્યું છે કે દિવસમાં ૨૦૦ ટેક્સ્ટ સંદેશાઓની મર્યાદાને હાઈકોર્ટે ઉઠાવી લેવાનો આદેશ હાલમાં આપ્યો છે જેના કારણે ફરી એકવાર સંદેશાઓ આવા લાગ્યા છે. આ નિર્ણયને ટ્રાયે સુપ્રીમ કોર્ટમાં પડકારવાનો નિર્ણય કર્યો છે. દરેક વ્યક્તિને સ્વતંત્ર વાત કરવાનો અધિકારી છે ત્યારે કોઈના પણ ખાનગી ફોન પર અતિ ક્રમણ કરવાનો અધિકાર નથી. અલબત્ત રેગ્યુલેટર અને સરકારે થોડાક વર્ષ અગાઉ ડુ નોટ કોલની સિસ્ટમમાં એન્ટ્રી કરી હતી પરંતુ મોબાઈલ યુઝરો પાસે હજુ પણ આવા ફોન આવી રહ્યા છે.

ઓરિસ્સામાં હોટલમાં આગ લાગી : ત્રણ મોત

કિયોનઝાર, તા.૪

ઓરિસ્સાના કિયોનઝાર જિલ્લામાં એક હોટલમાં આજે વિનાશક આગ ફાટી નિકળતા ઓછામાં ઓછા ત્રણ લોકોનાં મોત થયા હતા અને અન્ય કેટલાક લોકો દાજી ગયા હતા. દાજી ગયેલાઓની સંખ્યા સત્તાવાર રીતે ત્રણ જણાવવામાં આવી છે. પોલીસે માહિતી આપતાં કહ્યું છે કે ભોગ બનેલા ત્રણેય લોકો કોલકત્તાના હોવાની પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. પોલીસનું કહેવું છે કે આગ ફાટી નિકળી ત્યારે આ ત્રણેય લોકો હોટલમાં ઉંઘી રહ્યા હતા. બે માળની હોટેલની ઈમારતમાંથી ભોગ બનેલા લોકો બહાર નિકળવામાં નિષ્ફળ ગયા હતા. શોર્ટ સર્કિટના કારણે આ આગ ફાટી નિકળી હતી. પોલીસ અને ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. મૃતકોની ઓળખ કરી લેવામાં આવી છે. બે લોકોની ઓળખ ૬૧ વર્ષીય ગૌતમ બસુ અને અરૂણ કુમરા ચૌધરી તરીકે કરાઈ છે. ઘણાં લોકોની આગના બનાવનાં સંબંધમાં પુછપરછ કરવામાં આવી છે. શોર્ટ સર્કિટથી આગ ફાટી નિકળી હોવા છતાં પ્રાથમિક રીતે પોલીસે પણ સમગ્ર મામલમાં તપાસ હાથ ધરી છે. ઈજાગ્રસ્તોની ઓળખ થઈ નથી.

બોક્સર વિકાસ કૃષ્ણન ઓલિમ્પિક્સથી બહાર

લંડન, તા.૪

ઓલિમ્પિક્સમાં વધુ એક ચંદ્રક જીતવાની ભારતની આશા ઉપર પાણી ફળી વળ્યું છે. કારણ કે રિવ્યુ બાદ બોક્સર વિકાસ કૃષ્ણંન હવે ફાઈનલમાંથી બહાર થઈ ગયો છે. ૬૯ કિલોગ્રામ વર્ગમાં શુક્રવારે રમાયેલી મેચમાં ભારતના કૃષ્ણનને ક્વાર્ટર ફાઈનલમાં પહોંચવામાં સફળતા મેળવી હતી. વિકાસ કૃષ્ણનને એક નજીકની મેચમાં એરોલ સ્પેન્સ પર ૧૩-૧૧થી જીત મેળવી હતી પરંતુ હવે આંતરરાષ્ટ્રીય બોક્સિંગ એસોસીએશને આ નિર્ણયને બદલી નાખ્યો છે. એરોલ સ્પેન્સે આ નિર્ણયને પડકાર ફેંક્યો હતો. રિવ્યૂ બાદ આંતરરાષ્ટ્રીય બોક્સિંગ એસોશીએશને એરોલને ૧૫-૧ ઉથી વિજેતા જાહેર કર્યો છે. બોક્સિંગ એસોશીએશને એક નિવેદન જારી કરતા કહ્યું છે કે ભારતીય બોક્સરે ત્રીજા રાઉન્ડમાં કુલ નવ ફાઉલ કર્યા હતા પરંતુ રેફરીએ માત્ર એક જ વખત ચેતવણી આપી હતી. બીજા રાઉન્ડમાં ભારતીય બોક્સરે જાણી જોઈને અયોગ્ય વર્તન કર્યું હતું. આ તમામ કારણોસર જયુરી હવે સ્પેન્સને ૪ પોઈન્ટ આપે છે અને તે વિજેતા જાહેર થાય છે. સ્પેન્સે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું છે કે મેચ બાદ એવું લાગી રહ્યું હતું કે તે જીતી ગયો છે. સ્પેન્સ એક માત્ર અમેરિકી બોક્સર્સ છે જે બોક્સિંગમાં અંતિમ ૧૬માં આગળ વધી રહ્યો છે. અમેરિકી દબાણ આની પાછળ હોવાની પણ ચર્ચા છેડાઈ ગઈ છે. દરમિયાન ભારતે પણ બોક્સ વિકાસ કૃષ્ણનના વિવાદમાં કાઉન્ટર અપીલ દાખલ કરી દીધી છે.

મદુરાઇ ખાતે બે ટાઇમ બોમ્બ મળતા ચકચાર

મદુરાઈ, તા.૪

મદુરાઈમાં બે ટાઈમ બોમ્બ મળી આવતા ભારે સનસનાટી મચી ગઈ છે. જો કે આ ટાઈમ બોમ્બને નિષ્ક્રીય બનાવી દેવામાં આવ્યા હતા. પ્રતિબંધીત અલઉલેમાં આતંકવાદી સંગઠનનાં પુર્વ કાર્યકરને એક પાર્સલમાં બે ટાઈમ બોમ્બ મળી આવતા દહેશત ફેલાઈ ગઈ હતી. પોલીસે માહિતી આપતાં કહ્યું હતું કે ઉમર નામનાં શખ્સને એક બાળક દ્વારા પાર્સલ મળ્યું હતું. કુરીયર ઓફિસમાંથી આ પાર્સલ આવ્યું હોવાની માહિતી મળી છે. પાર્સલને ખોલવામાં આવતા બેટરી સાથે જોડવામાં આવેલા બોમ્બ મળી આવેલા પોલીસે કહ્યું છે કે આ બોમ્બ અતિઆધુનિક હતા.

બોમ્બ સ્કવોર્ડની ટુકડીએ મોડેથી આ બોમ્બને નિષ્ક્રિય કરી દીધા હતા. ઉમર અન્ય આતંકવાદી સંગઠનોમાં ઘણા દુશ્મનો ધરાવે છે. પાર્સલ આપીને ગયેલા યુવાકની પુછપરછ હાથ ધરવમાં આવી છે. આ ઉપરાંત ઉમરની પણ પ્રાથમિક રીતે પુછપરછ કરવામાં આવી છે.

આખરે વર્લ્ડ ઇલેવન ટીમનો પાકિસ્તાનનો પ્રવાસ મોકૂફ

કરાંચી, તા.૪

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સંબંધો પુનઃ સક્રીય બનાવવાના પ્રયાસરૂપે પાકિસ્તાન સામે બે ટી-૨૦ મેચ રમવાની વર્લ્ડ ઈલેવન ટીમની યોજના ચાલુ વર્ષે બીજી વખત મોકુફ રાખવામાં આવી છે. આયોજકના જણાવ્યા મુજબ આગામી ૫ અને ૬ ઓગસ્ટે વર્લ્ડ ઈલેવન કરાંચીના નેશનલ સ્ટેડિયમમાં બે ટી-૨૦ મેચ રમવાની હતી પરંતુ હવે તે ઓકટોબર સુધી મુલતવી રાખવામાં આવી છે. સિંધપ્રાંતના રમતગમત મંત્રી અને જાણીતા ક્રિકેટ વહીવટકર્તા અને આયોજક ડો.મુહમ્મદ અલી શાહે કહ્યું હતું કે, પાકિસ્તાની ખેલાડીઓની ગેરહાજરીના લીધે પ્રવાસ મુલતવી રાખવો પડ્યો છે. આ બંને મેચ પાકિસ્તાનની સંપૂર્ણ ટીમ રમે તેમ અમે ઈચ્છતા હોવાની રાહ જોઈ રહ્યા છીએ. જેપાકિસ્તાન ક્રિકેટ માટે ઘણું અગત્યનું છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે (પીસીબી)એ અમને માહિતી આપી છે કે પાકિસ્તાની ટીમ શ્રીલંકાનો રમાનાર ટી-૨૦ વિશ્વકપમાં ભાગ લઈને પરત ફરે ત્યાર બાદ જ આ આયોજન શકય બનશે. પીસીબીના ઈન્તીખાબ આવમે મને બોલાવ્યો હતો. અને કહ્યું હતું કે, અમુક ખેલાડીઓની ગેરહાજરીમાં તમે આગળ વધવા માંગતા હોય તો તમે મેચ રમાડી શકો છો ? પ્રારંભિક તબક્કે આયોજકોએ મેમાં આ આયોજન કર્યું હતું. પરંતુ પીસીબીએ તેને મંજૂરી આપી ન હતી. જો કે પીસીબીના ચેરમેન ઝાકા અશરફ સાથે મુલાકાત શાહે કરતાં માર્ગ મોકળો થયો હતો. વર્લ્ડ ઈલેવન તરફથી નિવૃત્ત થયેલા ક્રિકેટરો જેવા કે સનથ જયસૂર્યા, જસ્ટીન કેમપ, નીકી બોયે, એન્ડ્રેનલ, ટેરેન્ડાતેવુ વગેરે ભાગ લેવાનો છે. શ્રીલંકન ટીમ પર લાહોરમાં ૨૦૦૯માં આતંકી હુમલો થતાં બાદથી કોઈપણ આંતરરાષ્ટ્રીય ટીમ પાકિસ્તાનના પ્રવાસે ગઈ નથી.

પ્રીપેઈડ પ્રોસેસિંગ ચાર્જમાં ઘટાડો થાય તેવી સંભાવના

નવી દિલ્હી,તા.૪

પ્રીપેઈડ કનેક્શનનો ઉપયોગ કરી રહેલા ભારતના ૯૬૫ મિલિયન મોબાઈલ યુઝરો પૈકીના આશરે ૯૫ ટકા મોબાઈલ ધારકોને ટૂંક સમયમાં જ મોટી રાહત મળી શકે છે. કારણ કે પ્રીપેઈડ પ્રોસેસિગ ચાર્જમાં ઘટાડો કરવામાં આવી શકે છે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ટ્રાય)એ રિચાર્જ વાઉચર ઉપર પ્રોસેસિંગ ફી ઘટાડો કરવા માટેની વાતચીતની કવાયત શરૂ કરી દીધી છે.રેગ્યુલેટરે ત્રણ વિકલ્પો ઉપર વિચારણા હાથ ધરી છે. જે પૈકી એક વિકલ્પ ટોપઅપ વાઉચર ઉપર પ્રોસેસિંગ ફીને સંપૂર્ણપણે દૂર કરવાની બાબતનો સમાવેશ થાય છે. આ અંગે ઓપરેટરોનું કહેવું છે કે ઓપરેશનલ ખર્ચને પહોંચી વડવામાં મદદ મળશે. આ વિકલ્પથી સર્વિસ ઉપલબ્ધ કરાવનારાના મહેસૂલ ઉપર કોઈ અસર થશે નહીં. અન્ય વિકલ્પ પ્રોસેસિંગ ફીને લઈને છે. એક વિકલ્પ કોલ અને એસએમએસ પર મિનિટ દીઠ ત્રણ રૂપિયાની મર્યાદા ફરજિયાત કરવાનો પણ છે.

ઓલિમ્પિક્સમાં કૃષ્ણા પુનિયા ફાઈનલ દોરમાં પહોંચી

લંડન,તા.૪

ઓલિમ્પિકસમાં એથલેટિક્સમાં ભારતની આશા કૃષ્ણા પુનિયા ફાઈનલ રાઉન્ડમાં પહોંચી ગઈ છે. જ્યારે ભારતની બીજી ખેલાડી સીમા અંતિલ ક્વાલીફાઈંગ કરવામાં નિષ્ફળ ગઈ છે. ક્વાલીફાઈંગ દોરમાં કૃષ્ણા પુનિયાનો દેખાવ શાનદાર રહ્યો હતો. પુનિયાએ ૬૩.૫૪ મીટર સુધી ચક ફેંકીને ફાઈનલમાં સ્થાન મેળવવામાં સફળતા મેળવી હતી. કૃષ્ણા પુનિયા પ્રથમ પ્રયાસમાં ફાઉલ કરી ગઈ હતી. પરંતુ બીજા પ્રયાસમાં પુનિયા ક્વાલીફાઈંગ અંતર એટલે કે ૬૩ મીટર પાર કરવામાં સફળ રહી હતી. ભારત તરફથી કૃષ્ણા પુનિયા ટ્રેક એન્ડ ફીલ્ડમાં ફાઈનલમાં પહોંચનાર છઠ્ઠી ખેલાડી બની ગઈ છે. આ અગાઉ ટ્રેક એન્ડ ફીલ્ડ સ્પર્ધામાં મિલખાસિંહ, પીટી ઉશા, એસ શ્રીરામ, ગુરબચનસિંહ અને અંજુ બોબી જોર્જ ફાઈનલ સુધી પહોંચવામાં સફળ રહી હતી. બીજી બાજુ અન્ય ભારતીય ખેલાડી સીમા અંતિલ માત્ર ૬૧.૯૧ મીટર સુધી ચક ફેંકીને સ્પર્ધામાંથી બહાર થઈ ગઈ હતી તે પોતાના ગ્રૂપમાં ૧૩મા સ્થાને રહી હતી. શોટ પુટમાં ભારતના ઓમપ્રકાશસિંહ પણ ક્વાલીફીકેશન રાઉન્ડમાં ફાઈનલમાં પહોંચવામાં નિષ્ફળ રહ્યો હતો. જ્યારે મહિલા ત્રિપલ જંપની ફાઈનલમાં મયુખા જાની સ્થાન મેળવવામાં નિષ્ફળ ગઈ હતી. ૧૫૦૦ મીટરની ફ્રી સ્ટાઈલ સ્વિમિંગ સ્પર્ધામાં ભારતના એપી ગગન હિટ્સ દરમિયાન સૌથી પાછળ રહ્યો હતો અને ફાઈનલ મુકાબલા માટે સ્થાન મેળવવામા નિષ્ફળ ગયો હતો.